आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

વર્ષ : 2 * અંક : 13 * જુલાઈ 2022 * યુગાબ્દ 5124

## આ અંકમાં...

- રાજ્યભરના યુવા વિચારકોની પ્રાંત કાર્યશાળા.
- રાષ્ટ્રીય સેમીનાર, 'ભારતનો પુનઃબોધ ધર્મપાલજીની દ્રષ્ટિએ.'
- વડોદરા તથા અમદાવાદ ખાતે પુસ્તક લોકાર્પણ, પ્રસ્તુતિ.
- વિવિધ કેન્દ્રો ઉપર ચર્ચા સત્ર તથા પ્રબુદ્ધ સંવાદ.












# વિચાર સંદેશ

વર્ષ : 2 અંક : 13
જુલાઈ 2022 યુગાબ્દ 5124

**સંપાદક**
**પંકજ પુરોહિત**

લે-આઉટ અને ડિઝાઇન
વૈભવસિંહ ઠાકોર

## સંપાદકીય

વિચારોની શક્તિ પ્રબળ છે, તે શક્તિને અંકુરિત થવાના અવસરનું નિર્માણ કરવું એ સૌથી મહત્વનું કાર્ય છે. ચેતનાના પ્રકટીકરણ અને પ્રસ્ફુરણની સમસ્ત સંભાવનાઓ સંકલ્પ શક્તિમાં કેન્દ્રિત છે. વિચાર એ વિશ્વાસમાં પરિવર્તિત થયા બાદ જ તેનું પ્રત્યક્ષ આચરણ શક્ય બને.

વિચારોના પ્રવાહમાં ક્યારેક ઉન્માદ, ક્યારેક પ્રમાદ તો ક્યારેક હતાશાના દુષિત રંગો ભળતા રહે છે. તેનો ઉપાય એ જ છે કે માત્ર સ્થૂળ સ્તરે જ નહીં પરંતુ સૂક્ષ્મ સ્તર ઉપર પણ આપણા શ્રેષ્ઠ વિચાર, ભારતીય વિચારનું સંવર્ધન તથા પ્રસ્થાપન કરવું. અહીં ગુણાત્મક સાતત્યની જાળવણી સાથે પારદર્શક દૂરદર્શિતાનો વ્યાપક પ્રચાર પ્રસાર પણ એટલો જ આવશ્યક છે.

જૂન મહિનાના પૂર્વાર્ધ સુધીમાં મંચના બધાં જ કેન્દ્રોની વ્યાપક વાર્ષિક આયોજન બેઠકો સંપન્ન થઈ. પોતપોતાના ઉત્તરદાયિત્વમાં તન્મયતા તથા તત્પરતાપૂર્વક સંલગ્ન કાર્યકર્તાઓએ, નિર્ધારિત કરેલા લક્ષ્યાંકોની પૂર્તિ હેતુ ગોઠવેલ યોજનાઓ ક્રિયાન્વિત કરવાનું શરૂ કર્યું.

વૈચારિક જાગરણમાં ભૂમિતળ ઉપર અગત્યની ભૂમિકા ભજવતાં નાનાં ચર્ચાસત્રો, વિચાર ગોષ્ઠિની સાથે સાથે રાષ્ટ્રીય સંગોષ્ઠિ જેવા કાર્યક્રમો પણ થયા. યુવા સ્ફૂર્તિમાં ઉદ્દીપન કરી કાર્યની ગતિને બમણો વેગ આપનાર કાર્યક્રમ, 'યજ્ઞ કાર્યશાળા' સીમાચિહ્ન રૂપ રહ્યો. જેનું વિસ્તૃત વિવરણ આ અંકમાં આપને જોવા મળશે.

કર્મક્ષેત્રે વિવિધ પડકારો અને પ્રશ્નાર્થોનો સામનો કરતા કાર્યકર્તાઓને અડગ આસ્થા પ્રદાન કરી શકે તેવા એક શ્લોક સાથે સૌને પ્રણામ.

देवो दानाद्वा द्योतनाद्वा दीपनाद्वा ।

( निरुक्त ७.४.१५ )

અર્થાત્

સમાજને કંઇક આપનાર, સમાજની સહાયતા અને રક્ષા કરનાર દેવતા સમાન છે.

3

સહચિંતન

7

ભારતીય વિચાર મંચ - યુવા આયામ ગુજરાત

યજ્ઞ કાર્યશાળા ૨૦૨૨

12

કેન્દ્રશઃ કાર્યક્રમો

28

પુસ્તક પરિચય

31

આગામી કાર્યક્રમો

32

ઉત્તમ સાહિત્ય ઓનલાઇન ઉપલબ્ધ

33

વિચાર બોધ

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

માસિક

**વ્યવસ્થાપક**

જ્વનિલ દ્વિવેદી

ભારતીય વિચાર મંચ, ૪, મયુર ચેમ્બર, ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન સામે, એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦૦૦૯

ઈ મેઈલ :

bvmguj@gmail.com

7405862697

# સહચિંતન

મિત્રો

આપણે બધા એક ઇશ્વરીય કાર્ય માટેના વ્રતસ્થ કાર્યકર્તાઓ છીએ. વ્રતસ્થનો અર્થ છે પોતાની જાતને કાર્ય માટે યોગ્ય બનાવવા માટે નિરંતર પ્રયત્નશીલ વ્યક્તિ. કાર્ય માટે યોગ્ય બનવા માટેનો સતત પ્રયત્ન એટલે શું ? સૌથી પહેલું એટલે જીવનમાં સૌથી પ્રથમ સ્થાન કાર્યનું રહે તેવી વિચારપદ્ધતિ, વ્યવહારપદ્ધતિ અને તેને આધારે આપણાં આચરણની બાબતમાં નિત્ય આત્મપરીક્ષણ ચાલતું રહેવું. જ્યાં જ્યાં તેમાં ઉણપ ધ્યાનમાં આવે તેનો નિખાલસ સ્વીકાર કરવાની પ્રામાણિકતા અને તે ઉણપ દૂર કરવા માટે માર્ગદર્શન આવશ્યક લાગે તો યોગ્ય માર્ગદર્શન માટે સતત પ્રયત્ન અને પોતાના દ્વારા તે માર્ગદર્શન અનુસાર વ્યવહાર કરવાનો નિરંતર પ્રામાણિક પ્રયત્ન થઇ રહ્યો છે કે નહીં તે બાબતે કઠોર આત્મપરીક્ષણ. આ બધું જ વ્રતસ્થ સિદ્ધ થવાની દિશામાં વ્યક્તિને સફળ બનાવી શકે છે. એ બધી દ્રષ્ટિએ હું કાર્યહિતમાં મારી પાસેથી જે અપેક્ષા છે તે બરાબર સમજવા માટે નિરંતર પ્રયત્નશીલ છું અને સમજ્યા પછી તે અનુસાર વ્યવહાર માટેની પ્રતિબદ્ધતાની બાબતમાં મારી પ્રામાણિકતા માટે મારું પોતાનું પ્રમાણપત્ર મેળવી ચૂક્યો છું તેવું પોતાની જાતને પણ કહી શકે તે જ વ્યક્તિ વ્રતસ્થમાંથી માન્ય તપસ્વીની કક્ષાએ પહોંચી શકે છે. આપણે જેમને તપસ્વી તરીકે આપણા આદર્શ માનીએ છીએ તે બધા જ આ સંપૂર્ણ પ્રક્રિયામાંથી સફળતાપૂર્વક પસાર થઇ ચૂક્યા છે.

આ બધા તપસ્વીઓમાં આપણી વિચારધારા સાથે સંલગ્ન અને આપણી વિચારધારાથી અસંમત એવી વિચારધારાઓ માટે સમર્પિત કાર્ય કરનારા બધાનો જ સમાવેશ થાય છે. એટલે પ્રસિદ્ધ ચિંતક ઠેંગડીજી કાર્લ માર્ક્સ સહિત અનેક લોકોનાં આ શ્રેણીના મહાપુરુષ તરીકે ઉદા. આપે છે.

લવ જેહાદ સામે સતત આક્રોશ વ્યક્ત કરતા અને ઘરવાપસીની પ્રક્રિયાની ગતિ હજી વધવી જોઇએ એવી અપેક્ષાઓ વ્યક્ત કરતા બંધુઓ માટે ઉદાહરણરૂપ એક ઘટના સાથે આગળ વધીએ,

છત્રપતિ શિવાજીના સાળા બજાજી નિંબાળકર વિજાપુર બાદશાહના સરદાર હતા, છત્રપતિ સાથેની નિકટતાથી ક્રોધિત બાદશાહે તેમને કેદ કરી ધર્માંતરણ માટે ફરજ પાડી. છત્રપતિએ પ્રયત્નપૂર્વક તેમની ઘરવાપસી શક્ય બનાવી હિંદુ બનાવ્યા. પણ તે પછી પણ આ પરધર્મ ત્યાગ કરી સ્વધર્મમાં પાછા ફરેલા સરદારના પુત્ર માટે કોઇ કન્યા મળતી નહોતી. ત્યારે છત્રપતિએ પોતાની દિકરી તેને આપી તેને ધર્મમાં પાછા લેવાની સાથે સાથે તેમને પ્રતિષ્ઠિત બનાવવાનાં કાર્યને પણ પોતાનું કર્તવ્ય સમજી પૂરું કર્યું. માતા જીજાઉએ પણ જ્યારે વાંધો લીધો ત્યારે જેને પોતે સર્વદા પૂજનીય અને પ્રેરણામૂર્તિ માનતા હતા તે માતાને પણ છત્રપતિએ પાછા લીધેલા માણસની પ્રતિષ્ઠાની પુનર્સ્થાપના પણ સર્વપ્રથમ  મારું જ કર્તવ્ય છે એમ સમજાવી સહમત કરી દીધા. આ તપસ્વી સિદ્ધ થવા માટેનું વ્રતસ્થ આચરણ છે. આપણા ઇતિહાસમાં આવાં અનેક ઉદાહરણો મળશે.

આપણા અમદાવાદનું જ એક ઉદાહરણ આપું વ્રતસ્થનું. કટોકટીમાં પ્રારંભિક મહિનાઓમાં ગુજરાતમાં જનતા મોરચાની સરકાર હોવાથી મિસા લાગૂ નહોતો થયો. ત્યારે લોકતંત્રની પુનર્સ્થાપનાના સંઘ દ્વારા ચાલતા સંઘર્ષ માટેનું અનેક પ્રાંતોનું ભૂગર્ભ સાહિત્ય અમદાવાદમાં છપાતું હતું. બહાર આના માટે બહુ કડક તપાસ ચાલતી હતી. અને પોલીસ ગોળી મારી દે અથવા પકડીને ગમે ત્યાં  ગાયબ કરી દે તો પણ કોઇને જવાબ આપવા બંધાએલી નહોતી એવી સ્થિતિમાં બે-ત્રણ પ્રાંતો માટેનું સાહિત્ય નાગપુર મોકલવાનું હતું. વિચાર કરતા કરતા એવો નિષ્કર્ષ નિકળ્યો કે કોઇ બહેન નાના બાળકને સાથે લઇને સાહિત્ય પહોંચાડવા જાય તે સૌથી વધુ સલામત માર્ગ છે. કોને મોકલી શકાય ? જે નામની પસંદગી થઈ તે બહેન પોતાના દિકરાને સાથે લઈ જવા તૈયાર થયાં. જે બહેન તૈયાર થયાં તેમના પતિ મિસા હેઠળ જેલમાં હતા. તેમની સંમતિ મેળવવી જોઇએ એમ માની તેમનો સંપર્ક થયો ત્યારે કાર્યનું મહત્ત્વ સમજી તેમણે પત્નીને મોકલવા બાબતે મારી સંમતિ  લેવાની શું આવશ્યકતા છે એમ કહેતાં સહર્ષ સંમતિ આપી. બહેન ગયાં અને કાર્ય સફળ કરી આવ્યાં., તેમને ખબર ન પડે તેવી રીતે તે ડબામાં એક કાર્યકર્તા પણ એટલા માટે હતા કે તે પકડાય તો ઓછામાં ઓછી આપણને માહિતી મળી રહે. આ વ્રતસ્થતા છે અને આવી પરીક્ષાઓમાંથી ઉત્તીર્ણ

થનારા લોકો તપસ્વીનો દરજ્જો પ્રાપ્ત કરે છે. આપણે બધા વ્રતસ્થ કાર્યકર્તાઓએ કાર્ય માટે યોગ્ય બનવા માટે આ વાતો સમજી લેવાની અને સતત સમજતા રહેવાની આવશ્યકતા છે એમ મને લાગે છે.

કાર્યમાં અનેક પ્રકારનાં કામો હોય છે. તેમાં પ્રત્યેક કાર્યકર્તા નિર્ણયકર્તા કાર્યકર્તાઓ(અધિકારીઓ)સામે પોતાને પ્રસ્તુત કરી દે અને તે કાર્યકર્તાઓ કાર્યની સામયિક આવશ્યકતાને ધ્યાનમાં લઈ તેને માટે કામ(જવાબદારીઓ) નક્કી કરી તેને તે સોંપે છે. દર વખતે કાર્યકર્તા તેને મળેલાં પદ અથવા જવાબદારી માટે પૂર્ણ યોગ્ય છે એમ માનીને જ જવાબદારી અપાય છે એવું નથી થતું. ઉપલબ્ધ કાર્યકર્તાઓ અને કાર્યની આવશ્યકતાઓ ધ્યાનમાં લઈને તેમાંથી જે કાર્યનો વિચાર તેને માટે થયો છે તે માટે તે ઉપલબ્ધ બધા જ કાર્યકર્તાઓમાં સૌથી વધુ યોગ્ય છે એવો વિચાર કાર્યની જવાબદારી આપતી વખતે થતો જ હોય છે. પરંતુ તેના કરતાં પણ વધુ એટલે જેમને જુદાં જુદાં કામો સોંપાઈ રહ્યાં છે એવા કાર્યકર્તાઓ  પોતાને જે કામ સોંપાયું છે તેને માટે યોગ્ય બનવાનો અને યોગ્યતા વધારવાનો પ્રયત્ન મન:પૂર્વક કરશે જ એવો વિશ્વાસ જેના પર મૂકી શકાય તેવા કાર્યકર્તાને જવાબદારી સોંપાતી હોય છે.

કાર્યકર્તાઓને સોંપાતી જવાબદારીઓમાં જુદા જુદા પ્રકારની જવાબદારીઓ હોય છે. કેટલીક જવાબદારીઓ તેની લૌકિક પ્રતિષ્ઠા વધારનારી, સમાજમાન્યતા વધારનારી એટલે કે જેને એ જવાબદારીને કારણે લૌકિક દ્રષ્ટિએ અધિકારીપદ કહી શકાય તેવી અને કેટલીક  જવાબદારીઓ લૌકિક દ્રષ્ટિથી જેને વ્યવસ્થાત્મક જવાબદારીઓ અને જેને સમાજજીવનમાં મોટે ભાગે નિમ્ન કક્ષાની ગણાતી હોય છે તેવી એટલે કે બેઠક વ્યવસ્થા, ચાપાણીની વ્યવસ્થા, ભોજનવ્યવસ્થા, કાર્યાલય કે બેઠકનું સ્થાન સ્વચ્છ રહે તે જોવાની વ્યવસ્થા વગેરે પ્રકારની પણ હોય છે. આ બંને પ્રકારની વ્યવસ્થાઓ વિષે વિચાર કરવાની જેમને પ્રથમ સ્તરની જવાબદારી મળી છે તેમની જેમને વ્યવસ્થાત્મક (લૌકિક દ્રષ્ટિથી નિમ્ન કક્ષાની અથવા સામાન્ય ગણી શકાય તેવા)કાર્યકર્તાઓ તરફ જોવાની અને તેમની બાબતે વિચારવાની દ્રષ્ટિ અને જેમને વ્યવસ્થાત્મક જવાબદારી મળી છે તેમના તરફ જોવાની અને વિચારવાની દ્રષ્ટિ વિષે પ્રત્યેક કાર્યકર્તાનાં મનમાં સ્પષ્ટતા આવશ્યક છે. આપણી કાર્યરચનામાં બધા જ કાર્યકર્તાઓ સમાન છે, કોઇ પણ નાનો કે મોટો નથી, જેમને લૌકિક દ્રષ્ટિએ મહનીય જવાબદારી(અધિકાર) મળી છે તેમણે પોતાને માટે ગુરુતાગ્રંથી કે લૌકિક દ્રષ્ટિથી નાનું કામ મળ્યું છે તેમણે પોતાને માટે લઘુતાગ્રંથી અનુભવવાની જરૂર નથી.

એવી જ રીતે મને મોટું કામ મળ્યું છે એટલે હું વધુ યોગ્ય છું અને જેને મારા જેવી જવાબદારી ન મળતા નાની જવાબદારી મળી છે તે યોગ્યતાની દ્રષ્ટિથી મારા કરતાં નિમ્ન કક્ષાનો છે એમ માની લેવાની જરૂર નથી અને મને સામાન્ય કામ મળ્યું છે  એટલા માટે  જેમને મોટી જવાબદારી મળી છે તેઓ ઉચ્ચ કક્ષાના(ચડિયાતા) અને હું નિમ્નકક્ષાનો એમ પણ માની લેવાની જરૂર નથી. સામાજિક કામમાં કામ અને લક્ષ્ય પ્રત્યેનું સમર્પણ અને પોતાને સોંપાએલું કામ શ્રેષ્ઠતમ યોગ્યતાથી કરવાની પ્રતિબદ્ધતા જ તેનું સ્તર નક્કી કરનારી વસ્તુ છે. એક સુભાષિત કહે છે,

गुणैरुतुगंता याति नोत्तुंगेनासनेन वै ।

प्रासादशिखरस्थोपि काको  न गरुडायते ॥

કોઇ વ્યક્તિની કિંમત અથવા તેની ઉત્તમતા તેની સ્થિતિ અથવા સ્થાન પરથી નિશ્ચિત થતી નથી પણ તે તેનાં ગુણોને આધારે નક્કી થતી હોય છે. માત્ર રાજમહેલની ટોચ પર બેસવાથી જ શું કદી કાગડો ગરુડ બની શકે ખરો ?(ગરુડ બની જતો નથી)

આ વાત શિખર પર બેઠેલા અને ભોંયતળિયે બેઠેલા એવા બંને પ્રકારના કાર્યકર્તાઓએ યાદ રાખવાની આવશ્યકતા છે.

ત્રીજી વાત એટલે  આચરણ દ્વારા પ્રશિક્ષણ (ઉપદેશ).

‘यदयदाचरति श्रेष्ठ तदूतदेवेतरे जना: ।

स यत्प्रमाणं कुरुते लोक्स्तदनुवर्तते ॥ 3-2

શું કહે છે શ્રીમદભગવદ્ગીતા પોતાના ત્રીજા અધ્યાયના બીજા શ્લોકમાં ? આ શ્લોક જાણે વ્રતસ્થ કાર્યકર્તાઓને ઉદ્દેશીને જ ભગવાને ભગવદ્ગીતામાંકહ્યો છે. પ્રત્યેક કાર્યકર્તાએ શરીર, મન, વાણીથી આ શ્લોકનું અનુસરણ કરવાની યોગ્યતા મેળવવાનો નિરંતર પ્રયત્ન કરવાની આવશ્યકતા છે. કારણ તે જેવું આચરણ કરશે તેનું જ અનુકરણ તેની સાથે કામ કરનારા અન્ય જનો કરશે. તે જો પોતાની ઉચ્ચપદસ્થ જવાબદારીને પોતાનો અધિકાર માનશે અને સામાન્ય જવાબદારી જેમણે સ્વયંપ્રેરણાથી સ્વીકારી છે તેવા પોતાના સાથી  કાર્યકર્તાને નિમ્નસ્તરીય માનશે તો તેની પાસેથી પ્રેરણા લેનારા તેના સહકાર્યકર્તાઓ પણ એનું જ અનુસરણ કરશે. આ માનસિકતા જો સંગઠનમાં પ્રસ્થાપિત થશે તો સામાન્યત: બધે જ સામાજિક કાર્યમાં દેખાતી માનાપમાનથી પર થઈને કાર્યહિતમાં અને રાષ્ટ્રહિતમાં ઉચ્ચતર સમર્પણભાવને બદલે  પદપ્રાપ્તિ માટેની ખેંચાતાણીનો શિકાર આપણે  પણ બનીશું અને મોટી મોટી વાતો કરતા કરતા નિમ્નતમ વ્યવહારની નિર્બળતાનો શિકાર બનીશું.

એથી ઉલટું જો લૌકિક દ્રષ્ટિથી નિમ્નસ્તરીય જવાબદારી  ધરાવતા સાથીઓ સાથે સમાન આદરથી વ્યવહાર કરીશું તો પદપ્રાપ્તિ માટેની ખેંચતાણને બદલે અધિકાધિક સમર્પણની સ્પર્ધા માટે આપણે ને ઉદાહરણરૂપ બની શકીશું આપણું સંગઠન બની રહેશે. બે ઉદાહરણોથી આ મુદ્દો વધુ સારી રીતે સમજી શકાશે.

પ્રસિદ્ધ પત્રકાર શ્રી રુસી કરંજિયા રા.સ્વ.સંઘને સમજવા માટે તેમના પરિચિત સંઘના એક વરિષ્ઠ કાર્યકર્તાને સાથે લઈને રા.સ્વ.સંઘના ત્રીજા સરસંઘચાલક શ્રી મધુકર દત્તાત્રેય દેવરસ(બાળાસાહેબ દેવરસ)ને મળવા આવ્યા. ભોજનનો સમય હોવાથી ભોજન વિશ્રાંતિ પછી તાત્ત્વિક ચર્ચા કરીશું એમ નક્કી કરી બાળાસાહેબજીની સાથે જ જમવા બેઠા.  તેમણે જોયું કે એક અતિસામાન્ય દેખાતો માણસ બાળાસાહેબની અડોઅડ જમવા બેઠો છે. દેખિતી રીતે જ તે કોઇ સામાન્ય સ્તરનો કર્મચારી લાગતો હતો. શ્રી કરંજિયાએ તેની સાથે વાતચીત શરૂ કરી અને તેનો પરિચય પૂછ્યો. તેણે સહજભાવે કહ્યું કે 'હું બાળાસાહેબજીની ગાડીનો ચાલક(ડ્રાઇવર)છું. તેઓ જે વાતાવરણથી ટેવાએલા હતા તે વાતવરણની દ્રષ્ટિએ આ એક આઘાતજનક ઘટના હતી.  એક અ. ભા. સ્તરનાં સંગઠનના શ્રેષ્ઠતમ પદાધિકારી અને તેમનો મામૂલી ચાલક એક પંગતે અને એક સમાન ભોજન કરે એ તેમના માટે ઘણી આઘાતજનક ઘટના હતી. પ્રતિક્રિયા શું થઈ ? ભોજન પછી તેમણે પોતે પોતાના પરિચિત જે કાર્યકર્તા સાથે આવ્યા હતા તેમને કહ્યું, 'મને સંઘનો પરિચય થઈ ગયો. હવે સમજવાનું કાંઇ વિશેષ બાકી નથી. જે સંસ્થામાં એક સામાન્ય કર્મચારી સંસ્થાના સર્વોચ્ચની બાજુમાં સહજભાવે બેસી ભોજન કરી શકે તે સંગઠનની શક્તિ અને પ્રગતિનું મૂળ બીજે ક્યાં શોધવાની જરૂર છે ?  મારા મનનું પૂર્ણ સમાધાન થઈ ગયું છે. હવે મનમાં દેવરસજીને  પૂછવો પડે તેવો કોઇ પ્રશ્ન નથી. ચાપાણી  સાથે ઔપચારિક વાર્તાલાપ કરી તેઓએ સંતુષ્ટ મનથી વિદાય લઈ લીધી.

એક બીજું ઉદાહરણ આપણાં જ સંગઠનનું  આપું છું. થોડાં વર્ષ પહેલાં આપણાં સંગઠનમાં એક રાષ્ટ્રીય સ્તરની બેંકમાંથી ઉચ્ચપદાધિકારી પદેથી નિવૃત્ત થએલા અને એક આંતરરાષ્ટ્રીય સામાજિક સંગઠનમાં પણ ઉચ્ચપદે રહી ચૂકેલા મહાનુભાવ જોડાયા(આપણા પૈકી પણ ઘણા મિત્રો તેમને સારી રીતે ઓળખે છે) અને કામે લાગ્યા. આપણો એક મોટો કાર્યક્રમ હતો. વિષય અને વક્તા બંને ઉચ્ચસ્તરીય હતા. એ વક્તાની સાથે મંચ પર કોણ બેસે તે બાબતે ખેંચતાણ ચાલતી હતી.  એ ખેંચતાણ 'હું બેસીશ, હું બેસીશની નહીં પણ હું નહીં જ બેસું તેની હતી. છેવટે એક કાર્યકર્તા ઉચ્ચ અધિકારી તરફથી 'તમારે જ બેસવાનું છે' એવી આજ્ઞા થવાને કારણે કમને બેઠા અને પોતાની ફરજ બજાવી. તે નવાંગતુક મહાનુભાવ બહુ રસપૂર્વક આ બધું જોતા હતા. તેમણે શું નોંધ કરી ? ઘણા વખત પછી તેમના ઘેર ચા-અલ્પાહાર કરતા કરતા તેમણે એ વાત કરી, તેમણે તેઓ જે આંતરરાષ્ટ્રીય સ્તરની સંસ્થા સાથે ભૂતકાળમાં જોડાએલા હતા તેનો ઉલ્લેખ  કરી કહ્યું, અમારે ત્યાં આવા કાર્યક્રમમાં કેટલા વધુમાં વધુ લોકો મંચ પર બેસશે એ સ્પર્ધા તો થતી જ પણ વક્તાથી કયાક્રમાંકમાં પોતાને સ્થાન મળવું જોઇએ અને તે પ્રમાણે ન મળવાથી પોતાને કેટલો અન્યાય થયો તેના ઝઘડા થતા. અને એ ત્યાંનો સહજ ભાવ હતો. તેમણે કહ્યું, 'હું જ બેસીશ' ને બદલે 'હું તો નહીં જ બેસું'નો ઝઘડો કોઇ સામાજિક કાર્યમાં થાય એવું હું વિચારી પણ નહોતો શકતો. મેં જીવનમાં પહેલું ઉદાહરણ આ સંસ્થામાં જોયું. આપણે માટે આ સહજ સ્થિતિ છે. આપણા જેવા પ્રત્યેક કાર્યકર્તાએ  આ બંને ઉદાહરણોનો મર્મ સમજવાની અને તેને હૃદયસ્થ કરવાની અતીવ  આવશ્યકતા છે.

શરીર, મન અને વાણીથી સંગઠનને પોષક વ્યવહાર આપણો થઈ રહ્યો છે કે નહીં તે સતત જોતા રહેવું, સુધારતા રહેવું એ વ્રતસ્થ કાર્યકર્તાની સ્થિતિ છે. આ સ્થિતિ પ્રાપ્ત કરી લેનાર કાર્યકર્તા વ્રતસ્થમાંથી તપસ્વીની શ્રેણીમાં પ્રવેશ કરે છે. આપણે પણ એ શ્રેણીમાં પ્રવેશ મેળવવા સતત પ્રયત્નશીલ રહેવું જોઇએ એમ મને લાગે છે.

ત્રીજી એક નાની વાત કરીને વિષય પૂર્ણ કરીએ. મને જે કાર્ય અપાયું છે તે કાર્યને યોગ્ય બનવાની તાત્ત્વિકની જેમ કેટલીક વ્યાવહારિક આવશ્યકતાઓ પણ છે. મને સફાઈ, હિસાબ, કાર્યાલય, લેખન, ભાષણ, પ્રવાસ વગેરે જે કામ સોંપાયું છે તે હું યોગ્ય છું માટે જ સોંપાયું છે એમ માનવાને બદલે તેને માટે સતત વધુ યોગ્ય બનવાનો પ્રયત્ન ચાલુ રાખવો, હું જે કાર્ય કરી રહ્યો છું તે માટે માત્ર મારો અભિપ્રાય જ નહીં પણ અન્ય લોકોનો પણ શું અભિપ્રાય છે તે સમજતા રહેવું અને આપણને અનુકૂળ અભિપ્રાય વ્યક્ત કરનારાને સારા અને પરિણામે આપણા માણસ માનવા એ મનુષ્યમનની સ્વાભાવિક પ્રવૃત્તિ છે. અને મારાથી વિપરીત અભિપ્રાય ધરાવતા સાથીને નાસમજ અથવ તેજોદ્વેષી માની તેને દૂર રાખવો અથવા તેને દૂર કરવો એ પણ સહજ મન: પ્રવૃત્તિ છે. આનાથી બચી રહેવું એ પણ વ્રત જ છે. એટલે એ વ્રત પણ કરતા રહેવું, યોગ્ય બનવા માટે સતત પ્રયત્નશીલ રહેવું, કાર્ય અને કાર્યક્રમની સફળતાનો યશ બીજાને અને નિષ્ફળતા અથવા દેખાએલી ક્ષતિઓ ની જવાબદારી પોતા પર લેવી એ સામાન્ય મન:પ્રવૃત્તિથી ઉલટી વાત છે. એટલે મનોવિજયપ્રાપ્તિનું વ્રત પણ સતત કરતા રહેવાની અને આ બધું કરણીય કાર્ય મારાથી થઈ રહ્યું છે કે નહીં તે બાબતે કઠોર આત્મચિંતન જ આપણને વ્રતસ્થ અને તેમાંથી તપસ્વીની શ્રેણીમાં લઈ જશે. આ બધું જ પહેલો પુરુષ એકવચનથી જ કરવાનું કાર્ય છે. આપણે તે કરવા માટે શક્તિ પ્રાપ્ત કરી શકીએ એવી સર્વશક્તિમાનને પ્રાર્થના છે.

मन एव मनुष्याणां कारणं बंधमोक्षयो ।

નું ચિંતન કરતા રહેવાની શક્તિ અને વૃત્તિ આપણને આપે એવી સર્વશક્તિમાનને પ્રાર્થના સાથે

સહચિંતકના

સાદર પ્રણામ

# <u>ભારતીય વિચાર મંચ - યુવા આયામ ગુજરાત</u>

## <u>યજ્ઞ કાર્યશાળા ૨૦૨૨</u>

ભારતીય વિચાર મંચ, ગુજરાત પ્રાંતના યુવા આયામ દ્વારા તા. ૨૬મી જૂન, ૨૦૨૨ (જેઠ વદ તેરસ, વિ.નં. ૨૦૭૮) ના રોજ 'યજ્ઞ' ( YAGNA - Youth Awareness for Greater National Awakening ) કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

.




યજ્ઞનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે, ભારતીય યુવાનો રાષ્ટ્રના 'સ્વ' પર ગર્વ અનુભવે અને આ યુવાશક્તિ ભારતની સ્વાધીનતાથી સ્વતંત્રતા સુધીની ચાલી રહેલી યાત્રામાં સ્વત્વને જાગૃત કરવાની પ્રેરણાને ધારણ કરે તથા તેનું ચિંતન કરે.




આ કાર્યશાળાનો મુખ્ય વિષય હતો, ભારતની સ્વાધીનતાથી સ્વતંત્રતા સુધીની ચાલી રહેલી યાત્રા વિશે યુવાવર્ગમાં વિમર્શ ઉભો થાય. આ કાર્યશાળામાં ગુજરાત રાજ્યના ૧૬ જિલ્લામાંથી કુલ ૨૫૦ પસંદગીના યુવાનો ઉપસ્થિત રહ્યા.

ચાર સત્રની આ કાર્યશાળામાં, જાણીતા અંગ્રેજી સાપ્તાહિક 'ઓર્ગેનાઈઝર'ના તંત્રી શ્રી પ્રફુલ્લ કેતકરજી, ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી ગુરુ પ્રકાશ પાસવાનજી અને વૈચારિક ક્ષેત્રમાં કાર્યરત આંદોલન, 'પ્રજ્ઞા પ્રવાહ' (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ભગીની સંસ્થા)ની કેન્દ્રીય ટીમના સભ્ય શ્રી દીપકજી શર્મા ઉપસ્થિત રહ્યા હતા.




આ એક દિવસીય કાર્યશાળા દ્વારા યુવા શક્તિ ભારતીય આઝાદીના અમૃત પર્વનું ગૌરવ અનુભવે અને ભારતીય સમાજને આગામીના પડકારો સામે સશક્ત બનાવે એવો સફળ પ્રયાસ ભારતીય વિચાર મંચ, ગુજરાત પ્રાંતના યુવા આયામ દ્વારા કરવામાં આવ્યો હતો.


યજ્ઞ 22


ભારતીય વિચાર મંચ
યુવા આયામ
YAGNA
Youth Awareness For Greater
National Awakening
Present


ભારતીય વિચાર મંચ
યુવા આયામ
YAGNA
Youth Awareness For Greater
National Awakening


સ્થળ : જે બી ઓડિટો




Yagna Karyashala | 22


Yagna karyashala | 22
आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः
Let Noble thoughts come to us from all around the world
I Have Attended #Yagna_Karyashala_22










રસ, 2078 વિક્રમ સંવત (26 જૂન 2022,
ળ : જે બી ઓડિટો


રસ, 2078 વિક્રમ સંવત (26 જૂન
બી ઓડિ





## ભારતીય વિચાર મંચ - સુરત કેન્દ્ર

## એક દિવસીય સેમિનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગામ અભ્યાસ વિભાગ તથા ભૌતિકશાસ્ત્ર વિભાગ અને ભારતીય વિચાર મંચના સંયુક્ત ઉપક્રમે ૨૨ જૂનના બુધવારે ભારતનો પુનઃ બોધ ધર્મપાલજીની દૃષ્ટિએ વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરાયું હતું. સવારે ૯.૩૦થી સાંજે ૪.૩૦ કલાક દરમિયાન ચાર સત્રમાં પરિસંવાદ યોજાયો હતો. પ્રથમ ઉદ્ઘાટન સત્રમાં અધ્યક્ષ કુલપતિ ડૉ. કે.એન.ચાવડાએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, નવી પેઢીએ ભારતીય વિચાર, ભારતીય દૃષ્ટિને ધ્યાનમાં રાખી સંશોધન કરવું જોઇએ.





પરિસંવાદમાં ચિંતક ઇન્દુમતિબહેન કાટદરેએ બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું, જેમાં તેમણે વર્તમાન શિક્ષણ અને આપણી પરંપરાગત શિક્ષણ વ્યવસ્થાની વાત ધર્મપાલજીના સાહિત્ય સંદર્ભે કરી હતી. ઉપરાંત, તેઓએ શિક્ષણ અને સમાજ વ્યવસ્થા, અર્થવ્યવસ્થા વગેરે માટે ભારતના છેલ્લાં ૨૦૦ વર્ષના ઇતિહાસને જોવા, તપાસવાની તાતી જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું.




બીજા સત્રમાં સાહિત્યકાર રામેશ્વર મિશ્ર પંકજે ધર્મપાલજી સાથેના તેમના અનુભવો અને તે સમયના સમાજવાદી નેતૃત્વ વિશેની ચર્ચા કરી હતી. ત્રીજા સત્રમાં પ્રશ્નોત્તરી અને જિજ્ઞાસા, સમાધાન પર વિચારવિમર્શ કરાયો હતો. આ સત્રની અધ્યક્ષતા ડો. વિપુલ સોમાણીએ કરી હતી. અંતમાં સમાપન સત્રમાં પ્રશાંત પોળે ધર્મપાલજીના સાહિત્ય સંદર્ભે ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં ૨૫૫થી વધારે અધ્યાપકો, સંશોધકોએ નોંધણી કરાવી ભાગ લીધો હતો.




ભારતીય વિચાર મંચ, સુરત.
અને
મહાત્માં ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ તથા ભૌતિક શાસ્ત્ર વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
આયોજિત
એક દિવસીય
રાષ્ટ્રીય પરિસંવાદ
નો પુનઃબોધ શ્રી ધર્મપાલજીની દ્રષ્ટીએ
૨૨ જૂન ૨૦૨૨, જેઠ વદ નોમ વિ.સં. ૨૦૭૮
સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૪:૩૦
વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
ઉધના-મગદલ્લા રોડ, સુરત.
DEPARTMENT OF BIOTECHNOLOGY


ભારતીય વિચાર મંચ, સુરત.
અને
મહાત્માં ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ તથા ભૌતિક શાસ્ત્ર વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
આયોજિત
એક દિવસીય
રાષ્ટ્રીય પરિસંવાદ
ભારતનો પુનઃબોધ શ્રી ધર્મપાલજીની દ્રષ્ટીએ
૨૨ જૂન ૨૦૨૨, જેઠ વદ નોમ વિ.સં. ૨૦૭૮
સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૪:૩૦
બાયોટેકનોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
ઉધના-મગદલ્લા રોડ, સુરત.
DEPARTMENT OF BIOTECHNOLOGY



# નર્મદ યુનિવર્સિટીમાં 'ભારતનો પુનઃ બોધ' વિષય ઉપર રાષ્ટ્રીય પરિસંવાદ તેમજ પ્રશ્નોત્તરી યોજાઈ

| સુરત |

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ તથા ભૌતિકશાસ્ત્ર વિભાગ અને ભારતીય વિચાર મંચના સંયુક્ત ઉપક્રમે ૨૨ જૂનના બુધવારે 'ભારતનો પુનઃ બોધ ધર્મપાલજીની દૃષ્ટિએ' વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરાયું હતું. સવારે ૯.૩૦થી સાંજે ૪.૩૦ કલાક દરમિયાન ચાર સત્રમાં પરિસંવાદ યોજાયો હતો. પ્રથમ ઉદ્‌ઘાટન સત્રમાં અધ્યક્ષ કુલપતિ ડો. કે.એન.ચાવડાએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, નવી પેઢીએ ભારતીય વિચાર, ભારતીય દૃષ્ટિને ધ્યાનમાં રાખી સંશોધન કરવું જોઈએ.

પરિસંવાદમાં ચિંતક ઈન્દુમતી કાટદરે બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું. જેમાં તેમણે વર્તમાન શિક્ષણ અને આપણી પરંપરાગત શિક્ષણ વ્યવસ્થાની વાત ધર્મપાલજીના સાહિત્ય સંદર્ભે કરી હતી. ઉપરાંત, તેમને શિક્ષણ અને સમાજ વ્યવસ્થા, અર્થવ્યવસ્થા વગેરે માટે ભારતના છેલ્લાં ૨૦૦ વર્ષના ઈતિહાસને જોવા, તપાસવાની તાતી જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું. બીજા સત્રમાં સાહિત્યકાર રામેશ્વર મિશ્ર પંકજે ધર્મપાલજી સાથેના તેમના અનુભવો અને તે સમયના સમાજવાદી નેતૃત્વ વિશેની ચર્ચા કરી હતી. ત્રીજા સત્રમાં પ્રશ્નોત્તરી અને જિજ્ઞાસા, સમાધાન પર વિચારવિમર્શ કરાયો હતો. આ સત્રની અધ્યક્ષતા ડો. વિપુલ સોમાણીએ કરી હતી. અંતિમ સમાપન સત્રમાં પ્રશાંત પોળે ધર્મપાલજીના સાહિત્ય સંદર્ભે ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં ૨૫૫થી વધારે અધ્યાપકો, સંશોધકોએ નોંધણી કરાવી ભાગ લીધો હતો.

**Sandesh 23-06-2022**

# <u>ભારતીય વિચાર મંચ - દાહોદ કેન્દ્ર</u>

## <u>ચર્ચા સત્ર</u>

ભારતીય વિચાર મંચ, દાહોદ કેન્દ્ર

ચર્ચા સત્ર વૃત્ત

વિષય: અંગ્રેજિયત (અંગ્રેજીકરણ)ની ભારતની વર્તમાન પરિસ્થિતિ ઉપર અસર.

દિનાંક: ૬ જૂન, ૨૦૨૨

સમય: સાંજે ૭.૦૦ થી ૮.૦૦

સ્થળ: શ્રી સંત કૃપા સેવા સત્સંગ પરિવાર, રામ રોટી ભવન, દુધિમતી નદીના કિનારે, મનકામેશ્વર મહાદેવ મંદિર પાસે, પડાવ, દાહોદ



દાહોદ કેન્દ્ર દ્વારા આયોજિત ચર્ચા સત્રની શરૂઆત ૐકારના નાદ ધ્વનિ સાથે કરવામાં આવી. કેન્દ્ર સમિતિના પરિચય બાદ સૌ સભ્યોએ પોતાનો પરિચય આપ્યો હતો. કેટલાક સહભાગી સૌપ્રથમ વખત મંચના કાર્યક્રમનો સાક્ષાત્કાર કરી રહ્યા હતા. ભારતીય વિચાર મંચનો સંક્ષિપ્ત પરિચય કેન્દ્ર મંત્રી રાધેશ્યામભાઈ યાદવે આપ્યો હતો. ચર્ચા સત્રનો વિષય, 'અંગ્રેજિયત (અંગ્રેજીકરણ)ની ભારતની વર્તમાન પરિસ્થિતિ ઉપર અસર' ની પ્રસ્તાવિક ભૂમિકા કેન્દ્રના અધ્યક્ષ દિલીપસિંહ ચૌહાણે આપી હતી. તેમણે ઉપરોક્ત વિષય પર પોતાના વિચારો સભા સમક્ષ મૂક્યા કે આજે દરેક ક્ષેત્રે વૈચારીક સ્પષ્ટતાનો અભાવ છે જેમ કે ટેલીવિઝનની ચર્ચાઓ હોય કે અન્ય ક્ષેત્રે. વાસ્તવિક્તા તો એજ છે કે સમસ્યાના અંતે તો દોષારોપણનો જ ઉપક્રમ હંમેશાં રહ્યો છે સમસ્યાના ઉકેલનો નહીં. ભારતીય વિચાર મંચ સમસ્યાને ઓળખીને તેનો ઉકેલ શું હોવો જોઇએ તેની શોધ કરે છે તે પછી ચર્ચાના માધ્યમથી હોય કે અધ્યયનના. દરેક સમસ્યાની પાછળ આપની પોતાની શી ભૂમિકા છે? તે જાણવું ખૂબ મહત્વનું છે. મારે શું કરવું? તેનો જવાબ આપણે પોતાની પાસે જ માંગીએ અન્ય પાસે નહીં. ભારત જેવો વિશાળ બહુ સાંસ્કૃતિક, બહુ ભૌગોલિક રચના વાળા દેશ 'સોને કી ચિડિયા' યુગો યુગોથી હતો. અંગ્રેજો જેવી ભૌતિકવાદી સશક્ત પ્રજા ભારતમાં આવીને ભારતને પોતાની દૃષ્ટિએ મૂલવવાનું શરૂ કરે છે ત્યારે જ ભારત ગુલામ બને છે તે પહેલા નહીં. આ ગુલામી ધીરે ધીરે ભારતીય જનમાનસમાં એ રીતે ઘર કરી બેઠી કે આજે તેને લોકવ્યવહારમાંથી અને આપણા રોજિંદા જીવનવ્યવહારમાંથી દૂર કરવી અઘરી થઇ પડી છે. અંગ્રેજો ભારતીયોને સરકારી નોકરી આપવાની યુક્તિમાં સફળ થયા, એટલું જ નહીં ભારતીય જ્ઞાન પરંપરા, વ્યાવસાયિક સ્વતંત્રતા જ ખતમ કરી દીધી અને ફક્ત બાબુઓ જ ભારતને આપ્યા. તેમણે વધુમાં નોંધ્યું કે જ્યારે મેકોલે ૧૮મી સદીમાં ભારત ભ્રમણ કરે છે ત્યારે તે પોતાની ડાયરીમાં નોંધે છે કે ભારતમાં કોઈપણ વ્યક્તિ બેકાર મળ્યો નથી. આમ ભારતની કર્મ પ્રધાન સંસ્કૃતિ પર નોકરશાહી (ગુલામ) માનસિકતા ભારતને આપી ગયા જેને આપણે આજે પણ એજ સ્થિતિમાં અનુસરતા આવીએ છીએ આજની ચર્ચામાં આવા ઘણા મુદ્દા હોઇ શકે કારણ કે તે જીવના દરેક ક્ષેત્રે અંગ્રેજિયત વણાયેલી છે તેને આપ સૌએ ક્યાંક ને ક્યાંક અનુભવી છે. તેનાં પરિણામો વિશે ચિંતન મનન કર્યું જ હશે. તેને આપણે અહીં મૂકવાનો, આપના વિચારો પ્રગટ કરવાનો પ્રયાસ કરીએ.

ક્રમશઃ દરેક સભ્યોએ પોતપોતાના ક્ષેત્રોમાં અનુભવેલા વિચારો પ્રકટ કર્યા. તેમાં ખાસ કરીને શિક્ષણ પદ્ધતિનું અંગ્રેજીકરણ, આજે સરકારી નોકરી કરવી એ દેશસેવા નહીં પણ માનમોભો મેળવવાનો હેતુ સર્વોપરી હોવો, માતૃભાષા શિક્ષણથી વિમુખ થવું, કૃષિક્ષેત્રે વિકાસ અને આધુનિકતાના આંધળા અનુકરણમાં પરંપરાગત શુદ્ધ ખેત પેદાશોને બદલે નફાખોરીની માનસિકતામાં સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવામાં આવ્યા. વિદેશી દવાઓનો અતિશય ઉપયોગ અને તેના લાભ પાછળ પણ અંગ્રેજોની નફાખોરીની વૃત્તિ, ઓછી મહેનત વધુ લાભ, અને ભારતને મૂળમાંથી ખોખલો બનાવી દેવાનું ષડયંત્ર સ્વતંત્ર ભારતમાં આજ દિન સુધી યથાવત રહ્યું એટલું જ નહીં તેને બહોળું સમર્થન પણ મળ્યું! તે સિવાય ન્યાય અને કાયદા ક્ષેત્રે પણ અંગ્રેજોના ઘડેલા કાયદા તેના તેજ સ્વરૂપમાં આજે પણ અમલમાં છે. આપણાં ઘરના રસોડાથી લઈને તમામ ક્ષેત્રે અંગ્રેજિયતનો પ્રભાવ ભારતમાં રહ્યો છે એટલું જ નહીં યથાવત છે અને ગાઢ થતો જાય છે. સમગ્ર ચર્ચાના અંતે એવો નિષ્કર્ષ નિકળ્યો કે આગામી સામાયિક ચર્ચા સત્ર અંગ્રેજિયતના સંદર્ભમાં કોઇ એક ક્ષેત્ર વિશેષને કેન્દ્રમાં રાખીને કરીએ. જેમકે શિક્ષણ, કૃષિ, ભોજન, પૂજા પદ્ધતિ, ધાર્મિકતા, વ્યવહાર, સંસ્કાર, જીવનધોરણ અને નીતિમત્તા, કાયદો વગેરે. ચર્ચા સત્ર અંતે ગુજરાત પ્રાંતના સહમંત્રી શ્રી પંકજભાઇ પુરોહિતે ચર્ચા સત્રના આયોજન અને તેમાં સક્રિય સહભાગિતા બદલ સૌને શુભેચ્છાઓ પાઠવીને થોડાં સકારાત્મક ઉદાહરણો સાથે તેમણે જણાવ્યું કે પરિસ્થિતિ ચિંતાજનક જરૂર છે પરંતુ સાવ હતાશ થવાની જરૂર નથી. અંગ્રેજિયતના સંદર્ભમાં આપણી સ્થિતિ આજે એવી છે કે ‘આપણને એ પણ ખબર નથી કે આપણને શું ખબર નથી.’ એ માટે આપણે

પોતાની આસપાસના જીવનમાં બારીક અવલોકન કરી સમસ્યાઓને જાણવી પડશે અને તેને સમજવી પડે તથા સમજાવવી પડશે. ત્યારબાદ તેના નિવારણ માટે પોતાની ભૂમિકા નક્કી કરવી પડે, તે મુજબ આપણે પોતાની જાતને તૈયાર કરવી પડશે. જો આમ થાય તો જ આવાં ચર્ચાસત્રો સફળ થાય. ચર્ચા સત્રને વિરામ આપતાં પૂર્વે ઉપસ્થિત મિત્રો અને સભ્યોનો તથા આયોજન અને વ્યવસ્થામાં સહકાર આપનાર દરેકનો ઋણસ્વીકાર કરવામાં આવ્યો.

જિલ્લાના અલિપ્ત તથા અંતરિયાળ કહી શકાય તેવા ગામોમાંથી પણ ચિંતનશીલ પ્રબુદ્ધજનોની ઉપસ્થિતિ અને તેમની સક્રિય સહભાગીતા, એ આ ચર્ચા સત્રની વિશેષતા રહી. અંતે શરદભાઈ પિઠાયા દ્વારા શાંતિ પાઠના મંત્રથી ચર્ચા સત્રનું સમાપન કરવામાં આવ્યું.

# <u>ભારતીય વિચાર મંચ - વડોદરા કેન્દ્ર</u>

## <u>પુસ્તક વિમોચન કાર્યક્રમ</u>




દીનાંક ૨૧ જૂન ૨૦૨૨ ના રોજ ભારતીય વિચાર મંચ, વડોદરાના ઉપક્રમે પ્રખ્યાત ચિંતક, વિચારક, લેખક તથા વક્તા માનનીય શ્રી પ્રશાંત પોળના પુસ્તકનું અનાવરણ તથા એ જ વિષય પર તેમનાં વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. વિચારશીલ શ્રોતાઓની સંખ્યા ખૂબ જ સારી હતી. કાર્યક્રમના પ્રારંભે શ્રી પ્રશાંતજી અને વડોદરા કેન્દ્રના પ્રમુખશ્રી રાવલ સાહેબે પુસ્તકનું અનાવરણ કર્યું. પુસ્તકના અનાવરણ પછી વક્તવ્યમાં શ્રી પ્રશાંતજીએ ખૂબ જ સુંદર માહિતી સભર વક્તવ્ય આપ્યું હતું. એમણે જણાવ્યું કે આખી દુનિયામાં બધા દેશો પર થયેલા આક્રમણો પછી એ દેશો પોતાની સંસ્કૃતિ અને ધર્મ ગુમાવી સંપૂર્ણપણે બદલાઈ ગયા હતા. જ્યારે ૭૦૦ વર્ષ સુધી આજ આક્રમણો ભારત પર થવા છતાં ભારત હજી વર્ષો પહેલાંની ઓળખ ધરાવી રહ્યું છે. તેમણે એ પણ જણાવ્યું કે વર્ષો પહેલાં સમસ્ત વિશ્વની અંદર ભારતની જીડીપી ૨૫ ટકા કરતાં વધારે હતી.

આક્રમણખોરો સામે ભારતના લોકોએ હંમેશા લડત આપી છે એમણે ઉદાહરણ સ્વરૂપ રાણી અક્કા, બિરસા મુંડા, રાજા માર્કંડ વર્મા વિશે માહિતી અને પુરાવા સહિત વાત કરી હતી.

તેમણે એ પણ જણાવ્યું કે દેશ બહારના ઇતિહાસકારો દ્વારા લખવામાં આવેલા ઈતિહાસમાં આ બધી વાતો લખવામાં આવી નથી.



મગધનો દાખલો આપતાં તેમણે જણાવ્યું કે એમણે  એલેક્ઝાન્ડરને એવી ટક્કર આપી હતી કે એલેક્ઝાન્ડરનું સૈન્ય ભારતમાં ત્યાંથી આગળ વધવા માગતું જ ન હતું. જો અંગ્રેજો અને મોગલો આ દેશમાં આવ્યા ન હોત તો અત્યારે ભારતનું નામ વિકસિત દેશોની યાદીમાં હોત. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં આપણે ભારતના ઇતિહાસને જાણવાની ખૂબ જ જરૂર છે.



એમના વક્તવ્ય પછી શ્રોતાઓએ પ્રશ્નો પૂછ્યા હતા જેના ખૂબ જ સંતોષકારક જવાબ તેમણે આપ્યા હતા. અંતમાં આભાર વિધિ અને વંદે માતરમના ગાન સાથે સૌ છુટા પડ્યા

વિચાર ગોષ્ઠિમાં સહભાગી થનાર એક નાનકડા યુવા સમૂહનો 'પ્રજ્ઞા પ્રવાહ'ના રાષ્ટ્રીય સહસંયોજક મા. શ્રીકાંત કાટદરે સાથે અનૌપચારિક પણ તંદુરસ્ત સંવાદ થયો. સભાગૃહની બહાર ભારતીય વિચાર મંચના પુસ્તકોનું પ્રદર્શન તથા વેચાણ રાખવામાં આવ્યું હતું એને પણ સુંદર પ્રતિસાદ મળ્યો હતો. લગભગ એક હજાર રૂપિયાના પુસ્તકોનું વેચાણ થયું હતું.

# ભારતીય વિચાર મંચ - આણંદ કેન્દ્ર

## વિચાર ગોષ્ઠિ

ભારતીય વિચાર મંચ, આણંદ કેન્દ્ર તથા સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના અનુસ્નાતક અંગ્રેજી વિભાગના સંયુક્ત તત્ત્વાવધાનમાં સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના 'આદિ શંકરાચાર્ય ઓડિટોરિયમ' ખાતે દિનાંક ૨૧ જૂન, આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સવારે ૧૧.૦૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન એક વિશેષ વ્યાખ્યાન/ વિચારગોષ્ઠિ સંપન્ન થઈ. વિષય હતો, 'ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની પુનઃ વિચારણા અને સમકાલીન પડકારો'




જેમાં મુખ્ય વક્તા તરીકે લેખક, ચિંતક અને ઇતિહાસકાર શ્રી પ્રશાંતજી પોળે 'ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની પુનઃ વિચારણા અને સમકાલીન પડકારો' પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે પોતાના વ્યાખ્યાનમાં ભારતની આર્થિક સમૃદ્ધિ, વિશ્વની આર્થિક વ્યવસ્થામાં ભારતનો ગૌરવપૂર્ણ ૨૫% હિસ્સો, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અજાણ્યા સેનાનીઓ જેવા કે રાની અબક્કા, રાજા માર્કંડ વર્મા, તિલકા માંઝી અને બિરસા મુંડાની શૌર્યકથાઓ કહીને ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામની અને ઇતિહાસના અભ્યાસક્રમની પુનઃ વિચારણા કરવા પર ભાર આપ્યો હતો.



આ વિચારગોષ્ઠિમાં શહેરના ચયનીત પ્રબુદ્ધજનો ઉપરાંત સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોમાંથી અધ્યક્ષ અને અધ્યાપકો તથા બહોળી સંખ્યામાં શોધ છાત્રો મળીને કુલ ૨૦૦ જેટલા લોકો આ વિચાર ગોષ્ઠિમાં સમ્મિલિત થયા હતા.

દિવ્ય ભાસ્કર ચરોત્તર-આણંદ ભાસ્કર 22-06-2022

## વિશ્વની આર્થિક વ્યવસ્થામાં ભારતના 25 ટકા હિસ્સાએ વિશ્વનું ધ્યાન ખેંચ્યું

### વિદ્યાનગરની એસપી યુનિવર્સિટીમાં લેખક પ્રશાંત પોલનું વ્યકતવ્ય યોજાયું

ભાસ્કર ન્યૂઝ | આણંદ

ભારત વર્ષોથી સમગ્ર વિશ્વમાં આર્થિક રીતે સમૃદ્ધ હતું એટલે જ વિશ્વના બીજા દેશના લોકો જેવાં કે એલેકઝાન્ડરથી લઈ બ્રિટિશરોએ ભારત પર આક્રમણ કર્યું હતું. વિશ્વની આર્થિક વ્યવસ્થામાં એ સમયે ભારતનો લગભગ 25 ટકા હિસ્સો હતો અને તેને લીધે જ સમગ્ર વિશ્વનું ધ્યાન ભારત બાજું હતું, એમ વલ્લભવિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે યોજાયેલા ભારતની સ્વાતંત્ર્ય ચળવળની પુનઃ વિચારણા અને સમકાલીન પડકારો પર યોજાયેલા વ્યક્તવ્યમાં જાણીતા લેખક પ્રશાંત પોલે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું.



તેમણે વધુમાં તેમના વ્યક્તવ્યમાં વાત કરતાં ઉમેર્યું હતું કે, ભારતમાં આવતા આક્રમણકારો સામે ભારતના લોકોએ હમેશાં લડત આપી છે પરંતુ વિદ્યાર્થીઓને ઇતિહાસના અભ્યાસક્રમમાં આ બાબતો વિશે પૂરતું ક્યારેય પણ ભણાવવામાં આવ્યું જ નથી. સ્વાતંત્ર્ય સંગ્રામના ઓછા જાણીતા નામો જેવા કે રાણી અબક્કા જેમણે ઉલ્લાલ રજવાડું માટે પોર્ટુગીઝોને લડત આપી હતી. 16 મી સદીમાં જૈન ધર્મના રાણી અબ્બકા માટે રાષ્ટ્ર સર્વ પ્રથમ હતું. પોતાની માતૃભૂમિ પર આવી વારંવાર આક્રમણ કરતાં પોર્ટુગીઝોને તેમણે તેમના 200 સૈનિકો દ્વારા માર્યા હતા અને મેંગલુર જીત્યું હતું. ત્યારબાદ પોર્ટુગીઝોએ ભારત પરત ફરવાની હિંમત કરી નહીં. ત્રાવણકોરના રાજા માર્કંડ વર્મા, શિવગંગા રાજ્ય દ્વારા પ્રથમ વખત ઉપયોગમાં લેવાયેલા માનવબોમ્બ, તિલકા માંઝી અને બીરસા મુંડા વિશે પણ પુરાવા સાથે માહિતીસભર વાત કરી હતી.

તેમના વ્યક્તવ્ય બાદ તેમણે વિદ્યાર્થી-પ્રાધ્યાપકોના પ્રશ્નોના જવાબ આપતા ઉમેર્યું હતું કે, અંગ્રેજો દ્વારા લખાયેલ ઇતિહાસમાં આપણને ઘણું બધુ નથી કહેવામાં આવ્યું. જેને પગલે અનેક લોકો અજાણ છે. આ પ્રસંગે વાઈસ ચાન્સેલર ડો. નિરંજન પટેલ, રજિસ્ટાર મીતેશ જયસ્વાલ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

WALK-IN-INTERVIEW
Teachers Required For CBSE
Computer M.Sc. IT/B.C.A./M.C.A.
Maths (Primary) B.Sc./M.Sc., B.Ed.

"ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની પુનઃ વિચારણા અને સમકાલીન પડકારો" વિશે વ્યાખ્યાન

## સમગ્ર વિશ્વમાં ભારત આર્થિક રીતે સમૃદ્ધ હોઇ એલેક્ઝાન્ડરથી બ્રિટિશરોએ આક્રમણ કર્યું હતું

### વિશ્વની આર્થિક વ્યવસ્થામાં ભારતનો ૨૫ ટકા હિસ્સો હતો



આણંદ,તા.૨૧

વિશ્વ યોગ દિવસ ૨૧ જૂનના રોજ સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક અંગ્રેજી વિભાગ અને ભારતીય વિચારમંચ, આણંદ એકમના સયુક્ત ઉપક્રમે એક વિશેષ વ્યાખ્યાન "ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની પુનઃ વિચારણા અને સમકાલીન પડકારો" નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ સરદાર પટેલ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ પ્રો. નિરંજન પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. જેમાં કાર્યકારી કુલસચિવ પ્રો. મીતેશ જૈસવાલ, અંગ્રેજી વિભાગના કા.અધ્યક્ષ ડૉ. પારૂલ પોપટ, ભારતીય વિચારમંચના અધ્યક્ષ રાજેશભાઇ પરીખ અને મુખ્ય વકતા તરીકે લેખક અને વિચારક જેઓએ ભારતીય દ્રષ્ટિએ ઈતિહાસને પુનઃ લેખન કર્યો છે તેવા પ્રશાંત પોળ તથા વિશાળ સંખ્યામાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિમાં ભારતીય વિચારમંચથી શ્રીકાંત કાટદરે, ઈન્દુમતિબેન કાટદરે, ઈશાન જોશી, પરેશ પ્રજાપતિ, પંકજ પુરોહિત ઉપરાંત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય સહ-બૌદ્ધિક પ્રમુખ સુનિલભાઈ મહેતા, નવનીતભાઈ, રાજેશભાઇ પટેલ (ધર્મજ) સહિતના બૌદ્ધિકો ઉપસ્થિત રહ્યા હતાં. પ્રશાંત પોળે પોતાની વાત મૂકતાં જણાવ્યું હતું કે ભારત વર્ષોથી સમગ્ર વિશ્વમાં આર્થિક રીતે સમૃદ્ધ હતું જ એટલે જ વિશ્વના બીજા દેશના લોકો એટલે કે એલેકઝાન્ડરથી બ્રિટિશર સુધીનાઓએ ભારત પર આક્રમણ કર્યું હતું. વિશ્વની આર્થિક વ્યવસ્થામાં ભારતનો લગભગ ૨૫ ટકા હિસ્સો હતો એટલે જ વિશ્વનું ધ્યાન ભારત બાજુ હતું, ભારતમાં આવતા આક્રમણકારો સામે ભારતના લોકોએ હમેશા લડત આપી છે પરંતુ વિદ્યાર્થીઓ તરીકે ઈતિહાસના અભ્યાસક્રમમાં આ બાબતો વિષે પૂરતું ક્યારેય ભણાવવામાં આવ્યું નથી. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામની પુનઃ વિચારણાના વિષય વિષે વાત કરતાં તેઓએ સ્વાતંત્ર્ય સંગ્રામના ઓછા જાણીતા નામો જેવા કે રાની અબક્કા જેમણે ઉલ્લાલ રજવાડુ માટે લડત આપી હતી, ત્રાવણકોરના રાજા માર્કંડ વર્મા, શિવગંગા રાજ્ય દ્વારા પ્રથમ વખત ઉપયોગમાં લેવાયેલ માનવ બોમ્બ વિષે, તિલકા માંઝી અને બીરસા મુંડા વિષે ખુબ જ માહિતીસભર વાત પુરાવા સાથે કરી હતી. તેઓએ ભારપૂર્વક કહ્યું કે જો ભારતમાં પોર્ટુગીઝ, બ્રિટિશર કે મુઘલ આક્રમણકારો ના આવ્યા હોત તો ભારતની ગણના આજે વિશ્વના વિકસિત દેશોમાં થઈ રહી હોત. તેમના વકતવ્ય બાદ વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોના પ્રશ્નોનો જવાબ આપતા જણાવ્યું હતુંકે અંગ્રેજો દ્વારા લખાયેલ ઈતિહાસમાં આપણે ઘણું બધું કહેવામાં આવ્યું નથી. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં આપણે ભારતીય ઈતિહાસને તપાસવાની જરૂર છે.સમગ્ર કાર્યક્રમના અંતે આભારવિધિ અંગ્રેજી વિભાગના સહ પ્રાધ્યાપક ડૉ. પ્રણવ દવેએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન સમાજકાર્ય વિભાગના અધ્યક્ષ ડૉ. શિવની મિશ્રા દ્વારા કરવામાં આવ્યું હતું.

<u>## ભારતીય વિચાર મંચ - ગાંધીનગર કેન્દ્ર : પ્રબુદ્ધ સંવાદ</u>

ભારતીય વિચાર મંચ, ગાંધીનગર દ્વારા તા. ૧૯/૦૨/૨૦૨૨ રવિવારના રોજ "ઇસ્લામિક કટ્ટરતાનું વરવું સ્વરૂપ: ધાર્મિક ઉન્માદ અને વાસ્તવિકતા" એ વિષય પર પ્રબુદ્ધ સંવાદ કાર્યક્રમનું આયોજન ભારતમાતા મંદિર, સે.-7 ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કુલ ૨૦ જેટલા પ્રબુદ્ધજનોએ ભાગ લીધો હતો. જેમાં ૧૦ જેટલા યુવાઓએ પણ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ભારતીય વિચાર મંચના કાર્યકર્તા શ્રી વનરાજસિંહ ભાઈએ આ વિષય પ્રસ્તુતિ કરી. ત્યારબાદ દરેકે આ વિષય પર પોતાના વિચારો રજુ કર્યા. કાર્યક્રમમાં નીચેના મુદ્દાઓ ઉપર વિસ્તારથી ચર્ચા થઇ.



૧) ઇસ્લામનો ઉદભવ, તેનો ફેલાવો, તેઓના ધર્મગ્રંથો અને તેમાં લખેલી જીવન વ્યવહારની વાતો, કાફિરની વ્યાખ્યા વગેરેની વાત મુકાઈ.

૨) ભારતમાં ઇસ્લામનો પ્રવેશ, તેઓની હાલની સ્થિતિ, શિક્ષણનો અભાવ તેમજ મદરેસાઓમાં તેઓને અપાતું ધાર્મિક શિક્ષણ તેઓમાં કટ્ટરવાદનાં બીજ રોપે છે.



૩) હાલમાં દેશમાં બનેલી ઘટનાઓ પાછળ સુવ્યવસ્થિત ષડયંત્ર હોવાનું સ્પષ્ટ પુરવાર કરે છે.

૪) તદુપરાંત હાલની પરિસ્થિતિમાં બીજા રાજકીય પક્ષો તથા વૈશ્વિક પરિબળો પણ આપણા દેશનું સામાજિક સૌહાર્દ બગાડવા માટે પ્રયત્નશીલ છે. ત્યારે પ્રગતિશીલ મુસ્લિમોનું કર્તવ્ય છે કે તેઓ સમાજને સાચો માર્ગ બતાવે.

૫) હિંદુ સમાજે દેશમાં ફરી આવી ઘટનાઓ ન બને તે માટે સંગઠિત તથા જાગૃત થઈને દેશવિરોધી તાકતો સામે લડવું પડશે.


કાર્યક્રમના અંતે ભારતીય વિચાર મંચ, ગાંધીનગર કેન્દ્રના અધ્યક્ષ શ્રી વાટલિયા સાહેબે સમાપન વક્તવ્ય રજુ કર્યું. ત્યારબાદ સૌ શાંતિમંત્રનો પાઠ કરીને છુટા પડ્યા.




# <u>ભારતીય વિચાર મંચ - અમદાવાદ કેન્દ્ર</u>

## <u>પુસ્તક વિમોચન કાર્યક્રમ</u>

ભારતીય વિચાર મંચ, અમદાવાદ અને સેન્ટર ફોર ઇન્ડીક સ્ટડીઝ, ઈન્ડ્સ યુનિવર્સિટી દ્વારા તા.૦૨/૦૭/૨૦૨૨, શનિવાર ના રોજ 'અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન' ખાતે પ્રભાત પ્રકાશન દ્વારા પ્રકાશિત MAHARANAS પુસ્તક વિમોચનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી વી. એસ. ગઢવી તેમજ પુસ્તકના લેખક શ્રી ઓમરેન્દ્ર રત્નુ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ સાંજે ૭.૦૦ થી ૮.૨૦ વાગ્યા સુધી ચાલ્યો. જેમાં ૧૮૦ જેટલા પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહ્યા.






મુખ્ય ભાષણ શ્રી ઓમરેન્દ્ર રત્નુ દ્વારા મુકવામાં આવ્યું. જેમાં તેમણે જણાવ્યું કે કેવી રીતે ડાબેરીઓ દ્વારા જાણી જોઇને ભારતનો ગૌરવ, શૌર્યનો ઇતિહાસ છુપાવીને રાખ્યો. ઇતિહાસનાં પુસ્તકોમાં માત્ર મુગલકાળની ગૌરવ ગાથા જાણવા મળે છે પણ મેવાડના પરાક્રમી રાજાઓની સંઘર્ષની ગાથાઓથી આજે પણ ભારતના લોકો અજાણ છે. બપ્પા રાવલ, મહારાણા પ્રતાપ, રાણા કુંભા જેવા અનેક રાજાઓની શૌર્ય ગાથાઓ લોકોની સામે આવવી જરૂરી છે. રાષ્ટ્રભાવનાની કેટલીક વાતોએ શ્રોતાઓને ભાવુક પણ કર્યા.






# ભારતીય વિચાર મંચ-ભુજ કેન્દ્ર: ચર્ચા સત્ર

ભારતીય વિચાર મંચ, ભુજના ઉપક્રમે તા. ૦૩/૦૭/૨૦૨૨ના રોજ 'ઇસ્લામિક કટ્ટરતાનું વરવું સ્વરૂપ : ધાર્મિક ઉન્માદ અને વાસ્તવિકતા' વિષય પર ચર્ચા સત્રનું આયોજન થયું હતું. ચર્ચા સત્રમાં ઇસ્લામની વિચારધારા અને ધાર્મિક કટ્ટરવાદના પરિણામે ઉદભવતા હિંસક સ્વરૂપ અંગે તર્કબદ્ધ ચર્ચા થઇ.

ઇસ્લામની અસહિષ્ણુતા પ્રત્યે સનાતન ભારતીયોએ પ્રતિકારાત્મક અને સકારાત્મક એમ બેય પ્રકારે પ્રતિકિયા આપવી જોઈએ,





હિંદુત્વની ભાવના પ્રબળ કરવી અને ઇસ્લામિક ઉદારવાદીઓનુ સમર્થન કરવું.

સમાપન કરતાં ધામિક કટ્ટરતા અને ઉન્માદ નાથવા બહુઆયામી વિકલ્પો પરિણામ કારક રહેશે એવો મત મૂકાયો. આગામી સમયમાં આ જ વિષય ઉપર યુવા આયામના યુવાનો વચ્ચે વિમર્શ ઉભો થાય તેવો નિર્ણય લેવાયો.

# પુસ્તક પરિચય

## તે પંદર દિવસ..

પ્રશાંત પોળ લિખિત આ પુસ્તકનું શિર્ષક માત્ર રહસ્ય બોધન કરે છે . “રહસ્ય” તો સમજી  શકાય એવો શબ્દ છે, જીજ્ઞાસા, કુતુહુલ પ્રેરક છે. પણ બોધન એટલા માટે કે કેટલાક પુસ્તકો ફક્ત માહિતી સભર હોય છે પણ કેટલાક પુસ્તકો જ્ઞાન સભર હોય છે . જે માહિતીની સાથે વાચકને સ્મૃતિ અને પ્રત્યક્ષીકરણ સાથે જોડે છે . ફક્ત ઘટનાઓની માહિતી નહીં પરંતુ ઘટનામાંથી પસાર કરાવે છે, ઘટનાઓની અનુભૂતિ કરાવે છે, વાંચનની સાથેસાથે ઘટનાઓમાં વહેવા માટે મન મસ્તીષ્કને મજબુર કરી દે છે . જ્ઞાનની સાથો સાથ ઘટના માટે તેની સાથે સંકળાયેલ વ્યક્તિઓ વિશે અનેક પ્રશ્નો પણ ઉપજાવે છે . જે ચોક્કસ રીતે તેના મૂળ સુધી પહોંચવા વાચકને પ્રેરે છે . કયા પંદર દિવસની વાત છે એ ઉત્સુક્તા , જિજ્ઞાસા પ્રેરક છે. અને પુસ્તકનું વાંચન એ બોધક છે.




કોઇપણ ઘટના બને છે ત્યારે મોટા ભાગે એનાં પરિણામ જ સમાન્ય માનસ સુધી પ્રત્યક્ષ થાય છે. અથવા સામાન્યજનને એ ઘટનાનું પરીણામ યાદ હોય છે. પરંતુ ઘટનાના હેતુ , આયોજન, અમલીકરણ , અડચણ , નિરાકરણ અને પરિણામ વિષે ભાગ્યે જ જાણકારી હોય છે. આઝાદી એ અનેક ઘટનાઓનું પરીણામ માત્ર છે. આ અનેક ઘટનાઓ કયા સ્વરુપે ઘટી એના ઉપર મોટાભાગનાં પુસ્તકો પ્રકાશ પાડતાં નથી. અહીં લેખક દ્વારા અનેક પુસ્તકોના અભ્યાસ અને શોધ બાદ આવા સુંદર વિષયને ઉજાગર કરી ફળ સ્વરૂપે નાની પણ રસપ્રદ પુસ્તિકાનું પ્રકાશન કરેલ છે. જે માટે પ્રશાંત પોળ અભિનંદનને પાત્ર છે.

આ પુસ્તક મુખ્યત્વે આઝાદીના આગલા પંદર દીવસની ઘટનાઓ અને તે સમયે ચોક્કસ અમુક નેતાઓની આસપાસ રચાયેલ છે. આઝાદ થયા કે વિભાજીત થયા એ અલગ વિષય છે પણ વિભાજનનો  એ  સમય, ત્યારની રાજકીય , સામાજિક, સરહદીય અને આર્થિક વિષમ પરિસ્થિતિઓ તેમજ  વ્યક્તિગત, સામૂહિક કુનેહ અને પરિસ્થિતિ તથા તેનાં પરીણામો અંગે એક સમગ્ર પ્રસ્તુતિ છે.

પુસ્તકમાં વર્ણવેલી અનેક ઘટનાઓ ઘણા પ્રશ્નો પણ ઉભા કરે છે. કેટલાક નેતાઓની કુનેહ , દુરંદેશી અને તેમની આકાંક્ષાઓ વિષે પણ અનેક પ્રશ્નો થાય છે. સામાન્ય (શાળાકીય) ઇતિહાસમાં ક્યાંય આટલી મોટી સંખ્યામા થયેલ નિરાશ્રીતોની વાત નથી. લગભગ એક કરોડ લોકો નિરાશ્રિત થયા હતા. કેટલો મોટો નરસંહાર, આંકડો લખતાં કંપી જવાય. લગભગ દસથી પંદર લાખ હિંદુ અને શિખની ઘાતકી , ક્રુર, નિર્મમ હત્યાઓ... હજારો હિંદુ શિખ સ્ત્રીઓનાં અપહરણ, તેમની સાથે થયેલા અમાનવીય અત્યાચાર. આ બધાં સત્યનો શાળાકીય શિક્ષણમાં ઉલ્લેખ સુદ્ધાં નથી. મોટાભાગે એ સમયે થયેલ હિસંક ઘટનાને હિંદુ મુસ્લિમ કે શિખ મુસ્લિમ હુલ્લડ જેટલા ટુંકા શબ્દોમાં નાની સરખી વાત તરીકે પ્રસ્તુતિ જોવા મળે છે. ક્યાય એની ગંભીરતા ક્રુરતાની ચર્ચા સામન્ય જન માનસમાં જોવા મળતી નથી. આ ઘટનાઓમાં સૌથી વધુ આક્રમકતા, ધર્માંધતા, કટ્ટરતાના કારણે ભોગ બનેલ અને પિડીત હિંદુ-શિખ ભાઇઓ બહેનો માતા અને બાળકો હતાં. હૃદય દ્રવી ઉઠે એવી ઘટનાઓ સામે કેટલાક રાજકિય નેતાઓની કુનેહ કે ઇચ્છા શક્તિ પર ચોક્કસ પ્રશ્ન થાય. અનેક ઘટનાઓ પૈકી કેટલીક ઘટનાનો અહિં ઉલ્લેખ જરૂરી લાગે છે.

ગાંધીજીની કાશ્મીર યાત્રા એમા પ્રમુખ છે. કાશ્મીરના મહારાજા હરીસિંહજીની ઇચ્છા વિરુધ્ધ આ પ્રવાસ ગાંધીજીએ કર્યો હતો. અને પ્રવાસ પૂર્વે નહેરૂજીએ તેમને કાશ્મીર વિષે માહિતગાર કરેલ હતા. તે સમયે કાશ્મીરમાં ખૂબ અશાંત પરિસ્થિતિ હતી અને મહારાજાનું માનવું હતું કે આ સ્થિતિમાં ગાંધીજીએ કાશ્મીર પ્રવાસ કરવો જોઇએ નહીં. આ અશાંત પરીસ્થીતી માટે જવાબદાર નેતાઓને જેલમાં પુર્યા હતા. તેમાંના એક નેશનલ કોનફર્ન્સના નેતા શેખ અબદુલ્લા પણ જેલમાં હતા. તે સમયે વિલીનીકરણની પ્રક્રિયા પણ ચરમસિમા પર હતી. ગાંધીજી પોતાના વ્યક્તિત્વને હાનિ ન થાય તેમાટે કાશ્મીર પ્રવાસ પહેલાની પ્રાર્થના સભામાં વિલીનીકરણ માટે આ પ્રવાસ નથી તેમ જાહેર કર્યુ. અને કાશ્મીરની પ્રજા એનો ફેંસલો કરે એવુ જાહેર કર્યુ. ( અહીં એક પુર્વ ઘટનાનો ઉલ્લેખ જરૂરી છે. કાશ્મીર વિરુધ્ધ ષડયંત્ર માટે શેખ અબ્દુલ્લાને કાશ્મીરના દિવાન શ્રી રામચંદ્ર કાકે જેલમાં પૂર્યા હતા. તેમના વકિલ પત્ર માટે નહેરુ કાશ્મીર જવા ઇચ્છતા હતા. અને તે સમયે શ્રી રામચંદ્ર કાકે નહેરુની મુજફ્ફરાબાદથી અટકાયત કરેલ હતી અને નહેરૂજીને શ્રી કાક માટે આ વાતનો ખુબ અણગમો અને ગુસ્સો હતો ).

આ સમગ્ર પ્રવાસમાં શેખ અબ્દુલ્લાનાં બેગમ અને દિકરી સતત ગાંધીજીને મળતા રહ્યાં સાથે રહ્યાં. અને અનેકવાર એકાંતમાં ગાંધીજીને મળ્યા પણ હતા. કાશ્મીર મહારાજે ગાંધીજીને મહેલમાં આમંત્રણ આપ્યું અને ૩ ઓગષ્ટ ૧૯૪૭ ના રોજ ગુલાબ મહેલમાં ગાધીજી અને હરિસિંહજીની મુલકાત થઇ. ગાંધીજીનું ખૂબ ભવ્ય સ્વાગત કર્યુ. ગાંધીજીએ હરીસિંહજીને એકવાર પણ ભારત સાથે કાશ્મીરનું વિલીનીકરણ કરવા માટે વાત ન કરી.

પણ આ મુલાકાતનું આશ્ચર્ય જનક પરીણામ મળ્યું. પ્રવાસના થોડાક દિવસ બાદ (૧) રામચંદ્ર કાકની દિવાન પદેથી હકાલપટ્ટી અને (૨) શેખ અબદુલ્લાની જેલમાંથી મુક્તિ.

જો એક વાર પણ ગાંધીજીએ કાશ્મીરનો ભારત સાથે વિલીનીકરણનો ઉલ્લેખ કર્યો હોત તો કદાચ કાશ્મીરની સમસ્યા આજે ન હોત.

પુસ્તકમાં વર્ણવેલ બીજી એક ઘટનાનો ઉલ્લેખ પણ વાચકને સાવ અજાણી પરંતુ ખિન્ન કરે તેવી માહિતી આપે છે. કાશ્મીરથી ગાંધીજી હવે લાહોર જવા માટે જમ્મુથી રાવલપિંડીના રસ્તે લાહોર જતા હોય છે. રસ્તામાં ‘વાહ’ નામના ગામની શરણાર્થીઓની છાવણી હતી. અને આ શરણાર્થી છાવણીની મુલાકાતની ગાંધીજીએ ઇચ્છા પ્રગટ કરી. 'વાહ' શરણાર્થી શિબિરમાં ૧૫,૦૦૦ જેટલા શરણાર્થીઓ પહોંચ્યા હતા. આ તમામ શાળાઓમાં દરેક વ્યક્તિએ પાકિસ્તાનની નેશનલ ગાર્ડના ગુંડાઓ દ્વારા પોતાના સ્વજનોને કત્લેઆમ થતાં જોયાં હતાં. પોતાની નજર સામે પોતાની દીકરી, બહેન, પત્નીને બળાત્કાર કરીને મારી નાખવામાં આવી હતી. આ શિબિર પોતે પણ યાતના શિબિરથી

ઓછી ન હતી. એક નાની અમથી જગ્યામાં તંબુઓમાં પાણી ટપકી રહ્યાં હતાં. રાશન અને પાણી માટેની લાંબી લાંબી કતારો હતી. વ્યવસ્થાના અભાવે ખુબ દુર્ગંધ મારતી અને ગંદકી હતી. અને એમની વેદના જ્યારે તેમણે ગાંધીજી સમક્ષ કહી ત્યારે ગાંધીજી તરફથી ફક્ત એક આશ્વાસન 'મુસ્લિમ હવે એવું નહીં કરે' અને 'તમારા મગજમાંથી દુશ્મનાવટ કાઢી નાંખો' આ વાતથી  શિબિરાર્થીઓના ચહેરા પર ગાંધીજી માટેનો અણગમો, ચીડ, ગુસ્સો અને હતાશા સ્પષ્ટ દેખાતાં હતાં.

લાહોરમાં પણ કોંગ્રેસ કાર્યકર્તાની બેઠકમાં પણ ગાંધીજીએ કહ્યું કે, “જો લાહોર હવે મરણ પામી રહ્યું છે અથવા મરવાનુ છે તો તેનાથી દૂર ન જાવ. ઉલટું મરણાસન્ન થાવ. લાહોરની સાથે મૃત્યુની સામે થાવ. જ્યારે તમે ભયના ઓથા હેઠળ જીવો છો ત્યારે પ્રત્યક્ષ મૃત્યુ પહેલાં જ તમે મૃતપાય બનો છો, એ ઉચીત નથી. મને દુ:ખ નહી થાય જ્યારે મારી પાસે એવા સમાચાર આવશે કે પંજાબના માણસો ડરીને નહી પરંતુ હિમંતથી મૃત્યુ ને ભેટ્યા.....!"

અને ગાંધીજીનાં આ વાક્યોએ કોંગ્રેસ કાર્યકર્તાના કાનમાં ઉકળતો પોલાદ રેડાયો હોય તેવું લાગ્યું. મુસ્લીમ લિગના ગુંડાઓ દ્વારા થતા પ્રાણઘાતક હુમલાઓ વખતે મૃત્યુની સામે ધીરજ રાખી હિમંત પૂર્વક જવું....?

આ ઘટના અનેક પ્રશ્નો વાચકના મનમાં છોડી જાય છે.

તો બીજી તરફ અન્ય ઘટનામાં રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘ દ્વારા આ વિષમ પરિસ્થિતિમાંથી કેવી રીતે હિંદુ તથા શિખોને સુરક્ષિત બચાવવા , શરણાર્થીઓની વ્યવસ્થાઓનું આયોજન કરવું જેવા વાસ્તવવાદી અભિગમ ઉપર ખુબ જ મહેનત અને સેવાપુર્વક કામ થઇ રહ્યું હતું.


તા. ૧ ઑગસ્ટ, ૧૯૪૭ થી તા.૧૫ ઑગસ્ટ ૧૯૪૭ સુધીની આવી અનેક ઘટનાઓનું નિરૂપણ વાચકને જાણે તે કાલખંડમાં સાક્ષાત ઉભો કરી દે છે. શ્રી પ્રશાંત પોળના આ પુસ્તકનો અનુવાદ તેલુગુ તથા અંગ્રેજીમાં પણ થયો છે. ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત આ પુસ્તકનો ગુજરાતીમાં સરળ અને સટીક અનુવાદ અનુવાદ ડૉ.સુનિતિ કારૂળકરે  કર્યો છે.

<u>આગામી કાર્યક્રમો</u>



## <u>ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત ઉત્તમ સાહિત્ય હવે ઓનલાઇન પણ ઉપલબ્ધ</u>

**સમાજ અને રાષ્ટ્ર જીવન માટે મહત્વપૂર્ણ વિષયો પર ગહન અભ્યાસપૂર્ણ સામગ્રી… હવે આંગળીના ટેરવે.**




વિશુદ્ધ વૈચારિક ભાથું પીરસતું સમૃદ્ધ સાહિત્ય આજે જ મંગાવો… વાંચો…અને વંચાવો.

૧) રક્તરંજીત મધ્યપૂર્વ : ઇતિહાસ અને વર્તમાન

૨) આવરણ

૩) ભારતીય જ્ઞાનનો ખજાનો

૪) અંગ્રેજી માધ્યમની ભ્રમજાળ : ભારતના વિકાસ માટે ભાષા આયોજન.

૫) भारत का राजा : महाभारत में राजत्व का परिप्रेक्ष्य।

૬) “વિનાશપર્વ : ભારત પર અંગ્રેજોનું રાજ”

૭) "હિંદુત્વ : વિભિન્ન પાસાં સરળતાથી”

૮) मुस्लिम सोचें

' ભારતીય વિચાર મંચ ' દ્વારા પ્રકાશિત પુસ્તકો, મંચની વેબસાઈટ: https://vichar.org/books પરથી આજે જ ખરીદો.

# વિચાર બોધ

## એક સરસ ટૂંકી બોધ વાર્તા

એક શનિવારે નાનકડો છોકરો શાળાએથી ઘેર આવ્યો અને તેણે પોતાના પિતાને કહ્યું, “મારા શિક્ષકે અમને ઘરકામમાં એક કામ સોંપ્યુ છે. દસ જણને ભેટવાનું અને તેમને કહેવાનું કે ધીરજ રાખો, જીવનમાં શ્રદ્ધા રાખો અને હું તમને ચાહું છું.” તેના પિતાએ કહ્યું, “કંઈ વાંધો નહીં, હું કાલે તને મોલમાં લઈ જઈશ. ત્યાં તું આ કામ પતાવી શકીશ." છોકરો બીજે દિવસે સવારે ઉઠી, અતિ, ઉત્સાહપૂર્વક તૈયાર થઈ ગયો અને તેના પિતાને કહેવા લાગ્યો “ચાલો પપ્પા મોલ જઈએ!’’બહાર ખૂબ જોરથી વરસાદ પડી રહ્યો હતો એટલે પિતાએ કહ્યું, “બેટા, થોડી વાર રહીને જઈશું ? અત્યારે આટલા વરસાદમાં મોલમાં કોઈ નહીં હોય.’’ પણ છોકરાએ તો જીદ જ પકડી. આથી પિતાએ તેની બાળહઠ આગળ ઝૂકી જઈ, તેને ભારે વરસાદ વચ્ચે પણ કાર હંકારી મોલમાં લઈ જવો પડ્યો. તેમણે મોલમાં એકાદ કલાક પસાર કર્યો અને છોકરો જુદાજુદા નવ લોકોને ભેટ્યો. હવે તેના પિતાએ કહ્યું, “બેટા વરસાદ ઘણો વધી ગયો છે, આપણે ફસાઈ જઈએ એ પહેલાં ચાલ ઘરે પહોંચી જઈએ.’’ છોકરો તેના દસ જણને ભેટવાનો લક્ષ્યાંક પૂરો ન થતાં થોડો ઉદાસ થયો પણ આખરે તેણે પિતાની વાત માની અને તેઓ ઘેર પાછા ફરવા કારમાં બેઠાં. તેઓ થોડા જ આગળ વધ્યા હતાં ત્યાં એક ઘર માર્ગમાં સામે જ દેખાયું તેના તરફ આંગળી ચીંધતા છોકરાએ પપ્પાને કાકલૂદી કરી કાર થંભાવવા કહ્યું અને ઉમેર્યુ “પપ્પા, મને પેલા ઘરમાં જઈ આવવા દો. મારે એક જ જણને ભેટવાનું બાકી છે. મને ચોક્કસ એ ઘરમાં કોઈક મળી જશે અને હું મારૂં ઘરકામ પૂરું કરી શકીશ.’’ પિતાએ સસ્મિત પોતાના નાનકડાં પુત્રની ઈચ્છા પૂરી કરવા કાર બાજુએ લીધી અને થોભાવી. છોકરાએ તે ઘર પાસે જઈ દરવાજાની ઘંટડી દબાવી. થોડી વાર પછી એક મહિલાએ બારણું ખોલ્યુ, જે ખૂબ ઉદાસ દેખાતી હતી. છોકરાને જોઈ તેને થોડી નવાઈ લાગી. તેણે પ્રેમથી પૂછ્યું,‘બેટા, તને કોનું કામ છે ? આંખોમાં ચમક અને ચહેરા પર મોટા સ્મિત સાથે એ નાનકડાં છોકરાએ કહ્યું, “મારા શિક્ષકે અમને દસ જણને ભેટવા કહ્યું છે. અને તેમને એમ જણાવવા કહ્યું છે કે ધીરજ રાખો, જીવનમાં શ્રદ્ધા રાખો અને હું તમને ચાહું છું. હું નવ જણાંને ભેટી ચુક્યો છું, હવે એક જ જણને ભેટવાનું બાકી છે. શું હું તમને ભેટી શકું છું. અને મારા શિક્ષકનો સંદેશો પાઠવી શકું છું ?" તે મહિલા નાનકડાં છોકરાને ભેટી પડી અને ચોધાર આંસુએ રડવા માંડી, આ જોતાં છોકરાના પિતા ત્યાં પાસે આવી ગયાં અને તેમણે મહિલાને પૂછ્યું કે શું તેમને કોઈ સમસ્યા છે ? મહિલાએ પોતાની જાતને સંભાળી લીધી. પિતા પુત્રને ઘરની અંદર આવવા આમંત્રણ આપ્યું. તેમને ચા પાઈ અને પછી કહ્યું, “મારા પતિનું થોડાં સમય પહેલાં મૃત્યુ થયું છે અને એ પછી હું સાવ એકલી પડી ગઈ છું. આજે તો હદ થઈ ગઈ.સવારથી મને થતું હતું કે બસ હવે મારે પણ મારા જીવનનો અંત આણી દેવો જોઈએ. થોડી વાર પહેલાં મેં ખુરશી લીધી તેના પર ચડી હું પંખે લટકી મારી જાન આપવાની જ તૈયારીમાં હતી ત્યાં દરવાજે ઘંટડી વાગી. મને આશ્ચર્ય થયું કે મને મળવા તો કોઈ આવતું નથી તો પછી અત્યારે બારણે કોણ આવ્યું હશે? મેં કુતૂહલવશ દરવાજો ખોલ્યો અને ત્યાં આ દેવદૂત આવીને મને કહે છે “ધીરજ રાખો, જીવનમાં શ્રદ્ધા રાખો અને હું તમને ચાહું છું." મને ખાતરી છે કે ચોક્કસ ઈશ્વરે પોતે મને આ સંદેશો તમારા પુત્ર દ્વારા મોકલ્યો છે. મારી મરવાની ઈચ્છા અને ઉદાસી ગાયબ થઈ ગયાં. અને હવે મને જીવવા એક નવું બળ મળ્યું છે.’

યાદરાખોઃ  હંમેશાં હકારાત્મક વિચારો લોકો સાથે વહેંચો. લોકોની પડખે ઉભા રહો. કંઇ બીજું ના કરી શકો તો માત્ર તેમને સાંભળો. કદાચ તમે કોઈકનું જીવન બચાવવાનું એક માધ્યમ બની શકશો.

# Join BVM (ભારતીય વિચાર મંચ)

**વિચાર સર્વોપરી છે. વિચારો વ્યક્તિની ચેતનાના સ્તરને અસર કરે છે. તેથી દરેક વિચાર યોગ્ય દિશામાં અને અસરકારક પ્રસ્તુતિ સાથે સર્જનાત્મકતાનું પ્રથમ પગલું છે. ભારતીય વિચાર મંચ માને છે કે આ સંપૂર્ણ વિચાર પ્રક્રિયા આપણા સમાજ અને સંસ્કૃતિનું ચાલક બળ છે.**

**ભારતીય વિચાર મંચ આ વૈચારિક આંદોલનનું નેતૃત્વ કરી રહ્યું છે. ભારતીય વિચાર મંચ આપ સૌને આ વૈચારિક ચળવળનો એક ભાગ બનવા નિવેદન કરે છે, અને "કાર્યકર્તા" બનીને આ વૈચારિક ચળવળમાં તમારો ટેકો આપશો.**

**ભારતીય વિચાર મંચના કાર્યકર્તા બનવા માટે નીચેની લિંક દ્વારા તમારી માહિતી શેર કરીને મંચ માં જોડાઇ શકો છો**

**https://forms.gle/mrueb1RyFh4UthxdA**

***

આપના પ્રતિભાવો અહીં આપેલ ઈમેલ : bvmguj@gmail.com અથવા વૉટ્સએપ નંબર : 7405862697 ઉપર આપ મોકલી શકશો.